

# ૨૦૧૯ની ચૂંટણીમાં પ્રભુ ઈસુનો ચમત્કાર



ડો. બેન્જામિન સુવાર્તિક

**આ** વર્ષે જાન્યુઆરીથી દેશમાં ચૂંટણીનાં પડઘમ વાગતાં હતાં અને માર્ચમાં સંસદ અને કેટલાંક રાજ્યોની ચૂંટણીઓ જાહેર થતાં, સત્તાપક્ષ અને વિરોધપક્ષો સત્તા માટે આરપારની લડાઈ લડવા તૈયાર થઈ ગયા. તેમાં સત્તાપક્ષે શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિત શાહ અને રાત-દિન ખડે-પગે રહેતું તેમનું પ્રચારતંત્ર ગામડા અને શહેરોની ગલીએ-ગલીઓ ખૂંદી વળ્યું. એની સામે પોતાને મજબૂત માનતા વિરોધપક્ષો સ્વતંત્ર રીતે અલગઅલગ ચૂંટણી લડ્યા. પરિણામે ૨૦૧૯ની ચૂંટણીઓમાં કોંગ્રેસ અને બધા જ વિરોધપક્ષોના બૂરા હાલ થયા.

દેશમાં અને બહાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની એવી છાપ છે કે તેઓ ભારતના બહુમતી લોકોના માનીતા નેતા છે. તદ્ઉપરાંત એમને અન્યધર્મીઓના મતો પણ સારા પ્રમાણમાં મળતા રહે છે. તેમ છતાં આ વખતે રાજનીતિજ્ઞો અને જાણીતા પત્રકારોએ કલ્પેલું નહિ એવું પરિણામ આવ્યું અને ભારતીય જનતા પાર્ટી અને તેના સહયોગીઓ ૩૫૨ સીટ પર વિજયી થયા. એ પરિણામ આશ્ચર્યજનક કહેવાય! મોટી પાર્ટીઓના અને કેટલીય જાતિઓના માનીતા નેતાઓ મોદી મેજિકની આગળ પરાજય પામ્યા, એ હકીકત છે. એવા એક તરફી પ્રવાહમાં શું કોઈ નવું ચમત્કારિક વમળ સર્જાઈ શકે?

જેમ ભારતભરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ચહેરો ઊભરી આવ્યો; એ જ રીતે પ્રભુ ઈસુને ઓળખતા આંધ્રપ્રદેશના શ્રી વાય. એસ. જગનમોહન રેડ્ડીએ પોતાના રાજ્યમાં સંસદમાં ૨૫ માંથી ૨૪ બેઠકો મેળવી ચમત્કાર સર્જ્યો! એટલું જ નહીં પણ દેશની પાર્લમેન્ટના ઈલેક્શન સાથે તેમના રાજ્ય આંધ્રપ્રદેશનું પણ સાથે જ ઈલેક્શન થયું અને જે પરિણામ આવ્યું તેમાં શ્રી જગનમોહન રેડ્ડીની પાર્ટી વાય. એસ. આર. કોંગ્રેસને ૧૭૫ બેઠકોવાળી વિધાનસભામાં ૧૨૫ બેઠકોની બહુમતી મળી. ૨૦૧૪ માં દેશની લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીને કેવળ ૯ બેઠકો મળી હતી અને રાજ્યમાં કેવળ ૬૭ બેઠકો મળી હતી. એ માટે આ વરસે જ્યારે મોદી અને ભાજપની બોલબાલા હતી ત્યારે તેમને વધુ બેઠકો મળવી, એ એક ચમત્કાર છે!

આંધ્રપ્રદેશમાં હાલના મુખ્યમંત્રીશ્રી જગનમોહન રેડ્ડીના પિતા સ્વ. શ્રી વાય. એસ. રાજશેખરા રેડ્ડી અગાઉ ૨૦૦૪ અને ૨૦૦૯ની ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટીના નેજા હેઠળ વિજય મેળવી બે વાર આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. મેં ઘણીવાર રાજશેખર રેડ્ડીની ટી.વી. મુલાકાત વેળા તેમની પાછળ ‘લાસ્ટ સપર’ છેલ્લા ભોજનનું ઈસુ અને તેમના શિષ્યોનું ચિત્ર જોયું હતું. સપ્ટેમ્બર ૨૦૦૯માં તેમનું હેલીકોપ્ટર એક પહાડ પર તૂટી પડતાં તેમનું મૃત્યુ થયેલું. તેઓશ્રી ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયાના રાયલસીમા ડાયોસીસના સક્રિય સભ્ય હતા. તેઓ તેમના શહેર પુલીવેન્ડુલામાં નિયમિત ચર્ચમાં જતા હતા. એક રાજકારણી હોવા છતાં ચર્ચ સાથે સંકળાયેલા રહેવું અને પ્રભુ ઈસુમાં વિશ્વાસ જારી રાખવો, એ તેમનું મહાન વ્યક્તિત્વ હતું. કુટુંબમાં પણ તેમણે એ સંસ્કારો સિંચેલા. એથી આજે તેમનો પુત્ર વાય. એસ. જગનમોહન રેડ્ડી, પોતાને પ્રભુ ઈસુનું સંતાન માને છે. તેઓ કેવળ સફેદ વસ્ત્રો પરિધાન કરે છે અને ખૂબ સાદાઈથી જીવન જીવે છે.

પોતાના પિતાના મૃત્યુ બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે વિવાદ થતાં શ્રી જગનમોહન રેડ્ડીએ વાય. એસ. આર. કોંગ્રેસ નામની પોતાની પાર્ટી બનાવી છે. પોતાની પાર્ટીને લોકપ્રિય બનાવવા આંધ્રમાં શ્રી જગનમોહન રેડ્ડીએ ૩૦૦૦ કિલોમીટરની પદયાત્રા યોજી હતી. એ પદયાત્રા દ્વારા લોકો સાથે જોડાવાની તેમની એ પ્રવૃત્તિથી તેઓ લોકપ્રિય નેતા બન્યા. એક સાચા ખ્રિસ્તી હોવા છતાં આંધ્રના વિવિધ ધર્મના લોકોને તેમના પિતા અને તેમના માટે ભારે આદરસત્કાર છે. શ્રી જગનમોહન

રેડ્ડીનું અંગત અને જાહેર જીવન લોકોને અનુકરણીય લાગ્યું. એથી જેમ દેશ માટે લોકોએ મોદીવાણીથી વશ થઈ તેમને વિક્રમી જીત અપાવી, તેમ આંધ્રપ્રદેશના એક નાના રાજ્યના શ્રી જગનમોહન રેડ્ડીને લોકોએ ઈસુની સાચી ઓળખને પરિણામે લોકસભા અને વિધાનસભામાં ચમત્કારિક જીત અપાવી.

સોશિયલ મીડિયામાં ઘણાએ શ્રી જગનમોહન રેડ્ડીની સાક્ષી સાંભળી હશે. તેમાં તેઓ નિયમિત ચર્ચમાં જતાં હોવાનું કહેતા હતા અને પ્રભુની પ્રાર્થના અંગ્રેજીમાં બોલતા જણાતા હતા. તેમનો જન્મ ૨૧ ડિસેમ્બર, ૧૯૭૨માં થયો હતો. તેઓ પણ પોતાના પિતાની જેમ ચર્ચ ઓફ સાઉથ ઈન્ડિયા પુલીવેન્ડીલા ચર્ચનાં સભ્ય છે. તેઓના નામની આગળ વાય. એસ.નું રૂપ લાગે છે. એ પ્રમાણે તેમનાં માનું નામ વાય. એસ. વિજયમ્મા અને તેમના પત્નીનું નામ વાય. એસ. ભારથી છે. તેમને બે દીકરીઓ છે. તેઓનું નિવાસસ્થાન આંધ્રપ્રદેશનાં અમરાવતીમાં આવેલું છે.

પ્રભુ ઈસુને જ્યારે કોઈનો માર્ગ પસંદ પડે છે ત્યારે તેઓ તે વ્યક્તિ ગમે તે ક્ષેત્રમાં હોય; તેને તે સફળ કરે છે અને ઉચ્ચ સ્થાન પર સ્થાપે છે. એનું આ એક જ્વલંત ઉદાહરણ છે. પણ એવા કોઈ પણ ક્ષેત્રમાં જો ગંદું રાજકારણ (Politics) ભળે ત્યારે ભિન્ન પરિણામ લાવે છે. એટલે શ્રી જગનમોહન રેડ્ડી મૂળ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય હતા. પોતાના પિતાની જગાએ આવવા તેમણે ભગીરથ પ્રયત્નો કર્યા. પોતાની નવી પાર્ટી બનાવી. આંધ્રમાં લોકપરિચય કેળવવા તેમણે લાંબી પદયાત્રા ખેડી. કોંગ્રેસ સાથે નાતો તૂટતાં તેમની પર કાર્યવાહી થઈ, જેલ જવું પડ્યું. પણ એ બધામાં તે એક ખ્રિસ્તી તરીકે અડગ રહ્યા અને પ્રેમથી બધા કોંગ્રેસજનોને પોતાના મિત્ર બનાવી દીધા. પરિણામે તે આંધ્રના લોકપ્રિય નેતા બની ગયા. આવાં પાત્રો વિષે બાઇબલ કહે છે : 'જ્યારે માણસના કોઈ માર્ગથી યહોવા રાજી થાય છે ત્યારે તે તેના શત્રુઓને પણ તેની સાથે સલાહસંપમાં રાખે છે' નીતિવચનો ૧૬:૭.✍

**ડો. બેન્જામિન સુવાર્તિક, વડોદરા**

### સિનિયર સિટિઝન્સને મળવાપાત્ર લાભ

## મુખ્યમંત્રી અમૃતમ્ "મા" કાર્ડ

**આ** કાર્ડ મેળવવા માટે નગરપાલિકા કચેરીમાં તપાસ કરી ફોર્મ મેળવવું. ફોર્મમાં માગ્યા પ્રમાણે જરૂરી ઝેરોક્ષ કરાવીને કલેક્ટરની કચેરીમાં આવકનું સર્ટિફિકેટ મેળવવું. ત્યાંથી ફોર્મ આપે છે. તેમાં જરૂરી વિગતો ભરીને તેમ જ જરૂરી સ્ટેમ્પ લગાવી આપતા આવકનું સર્ટિફિકેટ આપશે. પછી બે સાક્ષીઓ પાડોશમાં રહેતા સભ્યના આધારકાર્ડની ઝેરોક્ષ લગાવીને તલાટીની સહી કરાવવી અને ત્યાર પછી તમને "મા" કાર્ડ મળશે. આ કાર્ડમાં તમને પાંચ સભ્યોને મેડિકલમાં લાભ થાય છે. મોટી બીમારી હોય તેમને પાંચ લાખ સુધીનો લાભ મળે છે.

**સિનિયર સિટિઝન્સ કાર્ડ :**

આ કાર્ડ કલેક્ટરની કચેરીમાંથી મળી શકે. આ કાર્ડથી ૬૦ વર્ષ પછી રેલવેમાં મુસાફરીમાં લાભ મળે છે.

અમદાવાદમાં વસતા હો તો આ કાર્ડ મેળવવા ખાનપુર જૂની રીટ્ઝ હોટલ હતી ત્યાંથી ફોર્મ મળે છે. ફોર્મ ભરી આપવાથી સિનિયર સિટિઝન્સ કાર્ડ આપે છે. ઉંમર ૬૫ વર્ષ પછી લાલ બસમાં A.M.T.Sમાં આ કાર્ડ ચાલે છે. અડધી જ ટિકિટ થાય છે અને ૭૫ વર્ષ પછી ફ્રી માં મુસાફરી કરી શકાય છે.


**ઈ.એસ.આઈ. કાર્ડ :**

તમે સર્વિસ પછી નિવૃત્ત થાવ પછી તમારે વીમા યોજના દવાખાનાનો લાભ લેવો હોય તો છેલ્લા પાંચ વર્ષનું કંપની લખાણ આપે અને મોટી બીમારી હોય જેવી કે ડાયાબિટીસ, શ્વાસ, કે કિડનીની બીમારી હોય તો તમારે ઈ.એસ.આઈ.માં લખાણ આપવાથી તમને લાભ થાય વર્ષના ૧૨૦/- ભરવાના અને બાર મહિના સુધી દવાનો લાભ મળે.

**વિધવા કાર્ડ :**

આ કાર્ડ મેળવવા માટે કલેક્ટરની કચેરીમાંથી ફોર્મ મળે છે. તે ફોર્મ ભરીને આપવાથી વિધવા કાર્ડ મળે છે. આ કાર્ડમાં પહેલા ૫૦૦/- રૂા. મળતા હતા પણ હવે સરકાર ૧૦૦૦/- આપે છે. આ માહિતી આપવાનું કારણ એ જ કે ખ્રિસ્તી સમાજને લાભ મળે.

**ડોનાલ્ડ જોનાથાન ક્રિશ્ચિયન, અમદાવાદ**




# બાળકોના પત્રોના પોપ ફ્રાન્સિસના જવાબ



ફાધર વર્ગીસ પોલ

ચોદેક કે વધારે ભાષાઓમાં પ્રકાશિત થયેલા એક પુસ્તકનું નામ છે 'વહાલા પોપ ફ્રાન્સિસ'. એ પુસ્તક અને એના લેખક પોપ ફ્રાન્સિસના ઉલ્લેખ સાથે યશવંત મહેતાએ લખેલા એક લેખની નકલ એમણે મને મોકલી આપી. સૌ પ્રથમ અમેરિકાના શિકાગો ખાતેના લોયોલા પ્રેસે ૨૦૧૬માં પ્રકાશિત કરેલી એની અંગ્રેજી આવૃત્તિ મેં મારા અંગત પુસ્તકાલયમાંથી શોધી કાઢી. પછી આણંદની ગુજરાત સાહિત્ય પ્રકાશ દ્વારા પ્રકાશિત કરેલી એની ગુજરાતી આવૃત્તિ પણ મને મળી.

દુનિયાભરના એટલે ૬ ખંડોમાંના ૨૬ દેશોમાંથી બાળકોએ ૧૪ ભાષામાં પોપ ફ્રાન્સિસને લખેલાં ચિત્રો સાથેનાં ૨૫૭ પત્રો ને પ્રશ્નો સંખ્યાબંધ સ્વયંસેવકોની મદદથી પોપ ફ્રાન્સિસને પહોંચાડવામાં આવ્યાં. ઈટાલિયન સામયિક 'લા સિવિટા કેથોલિકા'ના અધ્યક્ષ અન્તોનિયો સ્પેન્ડેરો, એસ.જે.એ બાળકોના પ્રશ્નોના જવાબ મેળવવા માટે પોપ ફ્રાન્સિસને મળ્યા. દોઢેક કલાકમાં પોપ ફ્રાન્સિસે આપેલા ત્રીસેક પત્રોના જવાબ રેકોર્ડિંગ કરવા સાથે એમણે નોંધ્યા. પછી અન્તોનિયોએ પોપ ફ્રાન્સિસના જવાબોનો શબ્દદેહ આપ્યો.

પોતાના ઘરે આવીને પોપ ફ્રાન્સિસ સાથેની મુલાકાતના અનુભવ વિષે અન્તોનિયો પુસ્તકને અંતે આપેલી "છોકરાં નાનાં, એમના પ્રશ્નો મોટા" શીર્ષક હેઠળની નોંધમાં લખે છે, "હું રેકોર્ડિંગ સાંભળીને કાગળ પર ઉતારવાનું કામ હાથ પર લઉં છું. એવું લાગે છે, જાણે હું એક લાંબી સમાધિમાં તો બેઠો નહોતો ને!"

દુનિયાભરનાં બાળકોનાં સચિત્ર પત્રો એકઠાં કરીને એક હસ્તપ્રત બનાવવામાં આવી. એને પહેલીવાર હાથમાં લેતાં પોપ ફ્રાન્સિસનો પ્રતિભાવ હતો, "આ પત્રો તો કઠણ છે." પત્રમાં બાળકોની જિજ્ઞાસા, જીવન અંગેની તેમની સમજણ, તેમની રમૂજવૃત્તિ અને અસલિયત છતી થાય છે. તો બાળકોનાં પત્રો ને ચિત્રો અંગેના પોપ ફ્રાન્સિસના જવાબ સાંભળીને અન્તોનિયોએ પોતાની નોંધમાં લખ્યું છે, "પોપ ફ્રાન્સિસની ભાષા સરળ છે. સીધાસાદા ને સરળ શબ્દોમાં જ તેઓશ્રીનું જીવન વહી રહ્યું છે. તેમનું જીવન સરળ છે, કારણ ઈશ્વર સરળ છે. ઈશ્વરની સરળતામાં જ ઈશ્વરની કોમળતા પ્રગટ થાય છે... પોપ ફ્રાન્સિસની સદેહ હાજરીમાં સરળતાની એ લિજ્જત આપણે ચાખી શકીએ છીએ. આ લિજ્જત તેઓ જે અતિ મહત્ત્વની વાતો કરે છે તેમાં પણ અનુભવાય છે. આ જ લિજ્જત આપણે પોપ ફ્રાન્સિસે આપેલા બાળકોનાં પત્રોના જવાબોમાં માણી શકીએ છીએ."

બાળકોના મોટા ભાગના પ્રશ્નો એક કે બે વાક્ય પૂરતા મર્યાદિત છે. પણ પોપ ફ્રાન્સિસનો પ્રત્યુત્તર પ્રમાણમાં લાંબો છે, છતાં મોટા અક્ષરે એકાદ પાનામાં જ સમાય છે.

'વહાલા પોપ ફ્રાન્સિસ' પુસ્તકના એક પાનામાં બાળકોના જ હસ્તાક્ષરમાં એમણે પૂછેલા પ્રશ્નો ને સાથે દોરેલાં ચિત્રો છે. મૂળ ભાષામાં આપેલા પ્રશ્નોનો અંગ્રેજી અનુવાદ એ જ પાનામાં બાળકોના ફોટા, નામ અને દેશ આપેલા છે. અંગ્રેજી પુસ્તકનો અનુવાદ ગુજરાતીમાં સર્વશ્રી રેમન્ડ આર. પરમાર, રાજેશ ક્રિશ્ચિયન અને બકુલ મેકવાને કર્યો છે. આ લેખમાં આવેલાં અવતરણો એમના અનુવાદમાંથી લીધેલાં છે.

અહીં વાચકને બાળકોના પ્રશ્નો અને પોપ ફ્રાન્સિસના પ્રત્યુત્તરોનો સીધો ખ્યાલ આપવા માટે 'વહાલા પોપ ફ્રાન્સિસ' પુસ્તકમાંથી થોડા દાખલાઓ ટાંકું છું. સંગ્રહનો પ્રથમ પત્ર પોર્ચુગલની ૧૦ વર્ષની છોકરી જોઆઓનો છે. તે વેટિકનના સંત પીતર ચોકમાં ગાડીમાં ફરતા ને બાળકોને જોતા પોપ ફ્રાન્સિસનું ચિત્ર દોરીને પ્રશ્ન કરે છે, "જ્યારે આપ આપની આજુબાજુ બાળકોને જુઓ છો ત્યારે આપ કેવી લાગણી અનુભવો છો?" પોપ ફ્રાન્સિસનો પ્રત્યુત્તર :

"વહાલી જોઆઓ, જ્યારે હું બાળકોને જોઉં છું ત્યારે મને કેવી લાગણી થાય છે?" - આ તારો પ્રશ્ન છે. હું

ઘણાં ઘણાં બાળકોને જોઉં છું. તેમને જોઈને હું સ્મિત વેરું છું. તેમને બાથમાં લઉં છું. મારી મોટરગાડીમાં તો મારા હાથ છૂટા હોય છે ને! એટલે હું મારા હાથોથી બાળકો તરફ મારી ચૂમીઓ ઉછાળું છું. જો કે તેં દોરેલા તારા ચિત્રમાં તો તેં મારા હાથોમાં મોટરનું ચકરડું પકડાવી દીધું છે. બાળકોને જોતાં હું ખુશ થાઉં છું." - ફ્રાન્સિસ

✣ ✣ ✣

જોસ્પિન નામની ઈંગ્લેન્ડની ૮ વર્ષની છોકરી પૂછે છે: "વહાલા પોપ ફ્રાન્સિસ, પ્રાર્થના કરવાની તમારી મનપસંદ જગ્યા કઈ છે?" પોપ ફ્રાન્સિસનો જવાબ,

"વહાલી જોસ્પિન, તું જાણે છે તેમ મને બધે ઠેકાણે પ્રાર્થના કરવી ગમે છે. હું મારા મેજ પર અથવા મારા દીવાનખંડની આરામખુરશી સુધ્ધાંમાં પ્રાર્થના કરી શકું છું. ઘણી વખત તો સાંજે હું ખૂબ થાકી ગયો હોઉં છું. તે વખતે હું નીચે મારા દેવાલયમાં પ્રાર્થના કરવા જતો નથી. હું મારા ખંડમાં જ રહું છું અને પ્રાર્થના કરું છું. દેવળમાં પરમપ્રસાદની મંજૂષામાં બિરાજમાન પ્રભુ સમક્ષ પ્રાર્થના કરવી મને ખૂબ ગમે છે. હું વારંવાર એમ કરું છું. દેવળમાં જવું, પ્રભુ આગળ શાંતિથી બેસવું મને ઘણું ગમે છે. છતાં હું ચાલતાં ચાલતાં, અરે, દાંતના દાક્તર પાસે જતાં જતાં પણ પ્રાર્થના કરુંછું મને સર્વત્ર ઈશ્વરનાં દર્શન થાય છે." -ફ્રાન્સિસ.

✣ ✣ ✣

ચીનના ૮ વર્ષના વાંગનો પત્ર છે, "વહાલા પોપ ફ્રાન્સિસ, આપને ફૂટબોલ રમવો કેમ ગમે છે? આપની તંદુરસ્તી માટે મારી શુભેચ્છાઓ."

"વહાલા વાંગ, મને ખરેખર ફૂટબોલની રમત ગમે છે. હું ક્યારેય ફૂટબોલની મોટી મેચો રમ્યો નથી. ફૂટબોલની રમત માટે ખાસ આવડત જોઈએ. તે હું કદી એટલી સારી રીતે શીખી શક્યો નથી મારા પગ ચપળ નથી. છતાં મેદાન પર ટીમોને રમતી જોવી મને ખરેખર ખૂબ ગમે છે. તું જાણે છે? શા માટે? કારણ, હું ફૂટબોલની રમતમાં જૂથકાર્ય અને સંઘભાવના જોઉં છું. ફૂટબોલની રમત જોતાં હું ઉતેજિત થઈ જાઉં છું. જો કોઈ ખેલાડી એમ માને કે હું એકલે હાથે મારી ટીમને જિતાડું તો એ નક્કી હારવાનો. એના સાથી-ખેલાડીઓને પણ એ અણગમતો થઈ પડવાનો. ફૂટબોલ સારી રીતે રમવા માટે બધા ખેલાડીઓએ સાથે મળીને રમવું જોઈએ. તમારે એક ટીમ તરીકે રમવું જોઈએ. દરેક ખેલાડીનું ભલું જોવું જોઈએ. એમાં અંગત લાભ કે દેખાડાનો વિચાર કરવાનો ના હોય. ધર્મસભામાં પણ આવી જ સંઘભાવના હોવી જોઈએ." - ફ્રાન્સિસ.

✣ ✣ ✣

આફ્રિકાના ઝિમ્બાબ્વેનો ૧૦ વર્ષનો છોકરો ટેડીવાનાશે પોપ ફ્રાન્સિસને પૂછે છે, "આપણે શા માટે ક્રૂસની વંદના કરીએ છીએ?"

"વહાલા ટેડીવાનાશે, આપણે ક્રૂસની વંદના કે તેનું સન્માન કરીએ છીએ તેનું કારણ આપણને સંત પાઉલ આપે છે. તેઓ કહે છે કે ક્રૂસ વડે આપણને મહિમા પ્રાપ્ત થયો છે. ક્રૂસ એક એવી જગ્યા છે જ્યાં ઈસુએ જીત મેળવી હતી. ક્રૂસ પર તેમણે પાપ તથા મૃત્યુ પર વિજય મેળવ્યો હતો. ઓલમ્પિક્સમાં વિજેતાઓને ઊંચી પીઠિકા પર ઊભા રાખીને તેમને સુંદર ટ્રોફી આપીને એનાયત કરાય છે. અહીં ઈસુની ટ્રોફી ઈસુનો ક્રૂસ છે. ક્રૂસ ઈસુનો વિજય છે. ઈસુએ ક્રૂસ પર મરી જઈને મૃત્યુ પર જીત મેળવી. ક્રૂસ આ વિજયનું પ્રતીક છે. આ વિજય જ છે ક્રૂસની વંદના કરવાનું કારણ. તેથી જ ક્રૂસ પર આપણે ગર્વ અનુભવીએ છીએ. શેતાને હાર ખાધી, તેથી તે ક્રૂસથી ગભરાય છે. ક્રૂસ શેતાનની હારની નિશાની છે." - ફ્રાન્સિસ.

✣ ✣ ✣

માનસી નામે ભારતની ૯ વર્ષની છોકરી પોપ ફ્રાન્સિસને પૂછે છે, "મારા તથા મારા કુટુંબમાં હું ઈશ્વરને કેવી રીતે શોધી શકું?"

"વહાલી માનસી, તારા કુટુંબમાં તારાં મમ્મી-પપ્પા છે, તારાં ભાઈ-બહેનો છે, તારાં દાદા-દાદી તેમ જ તારાં કાકા-કાકી છે. આ બધાંને ચાહીને તારા કુટુંબમાં તું ઈશ્વરને શોધી શકે છે. જો તું તારાં કુટુંબીજનો પર પ્રેમ રાખે તો તને જરૂર ઈશ્વરની પ્રાપ્તિ થશે. બધું જ પ્રસન્ન ને સુમેળભર્યું હશે. આવું જ છે તારું ચિત્ર : સુંદર, સૌમ્ય ને સુમેળભર્યું. ચિત્રમાં તું છે. હું તને કહું છું કે તું પ્રસન્ન છે. તારી સમીપ પ્રાણીઓ તથા છોડો છે, અને ત્યાં તારું ઘર છે. ઘરનાં બારણાં બંધ છે, પણ ધુમાડિયામાંથી ધુમાડો નીકળી રહ્યો છે. પ્રેમ ફક્ત તારાં કાર્યોની જ નીપજ નથી. પ્રેમ એ તને ઈશ્વર તરફથી મળેલી કૃપા પણ છે. ઈશ્વરકૃપાને બળે તું મોટી થતી જાય છે. તું છોડને પાણી પાય છે તેમ તારે કૃપાનું સિંચન કરતાં રહેવાનું છે. રોજ તારા

કુટુંબમાં પ્રેમ અને કૃપા સીંચતાં રહેવાનું તું શીખી જજે, પછી તને તારા ઘરમાં ઈશ્વરનાં દર્શન થશે." - ફ્રાન્સિસ.

✣ ✣ ✣

નાઈજીરિયાના મિખાએલ નામના ૯ વર્ષના છોકરાને જાણવું છે કે, "આપણી દુનિયામાં લડાઈ-ઝઘડા ચાલે છે. એનું નિરાકરણ આપ કેવી રીતે કરો છો?"

"વહાલા મિખાએલ, દુનિયામાં શાંતિ-ચાહક લોકો છે. દુનિયાનું ભલું ઇચ્છનારાં આવાં લોકોને આપણે સહાય કરવી જોઈએ. આપણે કહેવું જોઈએ કે, યુદ્ધ એ ખરાબ ચીજ છે. લોકો શા માટે યુદ્ધ કરે છે? કારણ કે તેમને વધુ સત્તા ને વધુ પૈસા જોઈએ છે. એમની હિંસા પછવાડે એમનો સ્વાર્થ તથા એમનો લોભ છે. હું એકલા હાથે તો જગતના સંઘર્ષોનો નિવેડો ના લાવી શકું. પણ તારે ને મારે આ પૃથ્વીને રળિયામણી બનાવવા માટે પ્રયાસ કરવો જોઈએ. લોકો દુઃખ વેઠે છે. ખુદ તારું ચિત્ર જો. એમાં ગમગીની છવાયેલી છે. હું જોઈ શકું છું કે દુનિયાના સંઘર્ષો પ્રત્યે તું સભાન છે. પણ હિંસા નાબૂદ કરવાની આપણી પાસે કોઈ જાદુઈ છડી નથી. આપણે દરેક જણને ગળે આ વાત ઉતારવી રહી. યુદ્ધ જીતવું એટલે યુદ્ધ ના કરવું. આ આસાન નથી એ હું જાણું છું. પણ હું પુરુષાર્થ તો અવશ્ય કરીશ. તું પણ આવો પ્રયત્ન કરે એવું હું માગું છું." - ફ્રાન્સિસ.

✣ ✣ ✣

સંગ્રહનો છેલ્લો પત્ર જોઆકીન નામે પેરુના ૯ વર્ષના છોકરાનો છે. તેનો પ્રશ્ન છે, "પહેલા થતા હતા એવા ચમત્કારો કેમ આજે થતા નથી?"

"વહાલા જોઆકીન, આવું તને કોણે કહ્યું? આ સાચું નથી. હવે પણ ચમત્કારો થઈ રહ્યા છે. રોજેરોજ ચમત્કારો થાય છે ને તે મોટા પ્રમાણમાં થાય છે. દાખલો આપું : અસહ્ય પીડા વેઠવા છતાં પોતાની શ્રદ્ધા ન છોડનારાં લોકો આજે પણ છે. આ એક ચમત્કાર જ છે. કેટલાં બધાં લોકો યાતનાઓ વેઠી રહ્યાં છે! છતાં તેઓ ઈસુને વળગી રહ્યા છે. આ ચમત્કાર નથી તો બીજું શું છે? આ તો એક મોટો ચમત્કાર છે. હું એશિયા-આફ્રિકાના આપણા શહીદોનો વિચાર કરું છું. તેઓને મારી નાખ્યા, કારણ, તેમણે ઈસુનો ઈનકાર કરવાની ના પાડી. આ બીજો એક મોટો ચમત્કાર છે. વળી હા, આજે પણ ઘણાં લોકોના રોગો મટી જાય છે. પણ મુખ્યત્વે તો



રોજ રોજ થતાં રહેતા ચમત્કારો છે. દાખલા તરીકે જીવનનો ચમત્કાર. દાખલા તરીકે લોકોનાં અંતરને પલટી નાખનારાં સત્કાર્યોનો ચમત્કાર. તું આવા ચમત્કારોને ઓળખી કાઢી શકે એમ છે. આ તો તું જાણે છે. મેં ઘણા ચમત્કારોનો અનુભવ કર્યો છે. ના, આ ચમત્કારો કાંઈ આંખો આંજી નાખનારા ચમત્કારો નથી. મેં મરેલાને પાછો જીવતો થતો કદી દીઠો નથી. પણ મેં રોજ-બ-રોજ થતા ઘણા ચમત્કારો નજરે નિહાળ્યા છે. - ઘણાબધા." - ફ્રાન્સિસ.

સમગ્ર દુનિયાના કેથલિક ખ્રિસ્તીઓના આધ્યાત્મિક 'પિતા'ને વિશ્વભરનાં નાનાં બાળકોએ પૂછેલા પ્રશ્નો તથા તેના પ્રત્યુત્તર ખૂબ રસપ્રદ છે. ખૂબ ચિંતનમનનીય છે. બાળકોના પ્રશ્નો અને પોપ ફ્રાન્સિસના જવાબોથી હું અહોભાવ અનુભવું છું.

ફક્ત દક્ષિણ એશિયા માટે અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રકાશિત થયેલા 'વહાલા પોપ ફ્રાન્સિસ'ની ગુજરાતી-અંગ્રેજી આવૃત્તિઓ તમને ગુજરાત સાહિત્ય પ્રકાશ, પો.બો. નં. ૭૦, ગામડી-આણંદ ૩૮૮ ૦૦૧, ગુજરાતથી મળી રહેશે.✍

**ફાધર વર્ગીસ પોલ, એસ. જે., અમદાવાદ**

વાર્તા

# ચાલો ભણવા જઈએ



શાંતિલાલ ખુ. ખ્રિસ્તી

સવારની દૈનિક પ્રાર્થના બાદ 'દાદા' પોતાના રૂમમાં આવતા

"ઓ મોન્ટુ...! ક્યાં ગયો...!!"

"ચાલ... તૈયાર થઈ જા...! આજે કયો વાર છે? તને ખબર છે?"

"દાદા આજે સોમવાર થયો...! આટલા મોટા થયા તોય ખબર નથી."

"એટલે તો તને પૂછ્યું!"

"લો એટલુંય... તમે જાણતા નથી...! તો આજે...?!"

"હજુ તૈયાર થયો નથી...? જો તને ખબર હોય તો...?"

"કેમ...? તૈયાર થઈ ક્યાં જવાનું છે?"

"અરે દાદાને બધુંય યાદ છે..! પરંતુ તને યાદ દેવડાવે છે. આજે તારે દાદા સાથે જવાનું છે. ચાલ, જલદી તૈયાર થઈ જા. ચાલ બાથરૂમમાં નહાવા. નાહી, ધોઈ, સ્વચ્છ થઈ સ્વચ્છ કપડાં પહેરી બૂટ મોજા... ને આ...!? મમ્મી સોનલે મોન્ટુને તૈયાર કરવા જણાવ્યું.

"પણ મમ્મી... આ... શું છે?"

"બેટા.! એ તારું પાકીટ છે, દફ્તર છે!"

"દાદા-દફ્તર! મારું! આજે? મારે!!"

"હા...હા.. બેટા. તારી સાથે દાદા આવશે. આ દફ્તરમાં સ્લેટ, એક બાળપોથી, પેન, રૂમાલ નાસ્તો, આ નાનું મણકા-સ્ટેન્ડ છે. તે સાથે લઈ જવાનું છે." મમ્મી સોનલે ચોખવટ કરી.

હા... હવે ખબર પડીને? આજે ૧૦મી જૂન સોમવારથી શાળાઓમાં બાળકો જશે. સાહેબો, મેડમો, શિક્ષિકાઓ તથા સૌ કોઈ આવશે. સાયકલ, સ્કૂટર, રિક્ષા, ગાડી કે ચાલતાં, દોડતાં, આનંદ કરતાં નાનાં મોટાં છોકરા છોકરીઓ આવશે. શાળાનું વાતાવરણ આનંદકિલ્લોલથી ગાજી ઊઠશે. દાદાએ શાળાનો માહોલ કહ્યો.

પણ..! દાદા...! હું તો સાવ નાનો છું. ત્યાં મને છોકરા મારે. ક્યાં બેસવું! શું કરવું!? સાહેબ કે મેડમ મને મારે.! મોટા છોકરાં મને પજવે તો હું શું કરું? જા... મમ્મી... મારે નથી જવું. ને પછી રાગડો તાણીને રડવા માંડ્યો.

"બેટા, તું છ વર્ષનો છે. તને બજાર, બાગ, પ્રવાસ, રમત મેદાન, મામાનું ખેતર, કેરી, રાયણ આ બધી ખબર છે ને?"

પણ મમ્મી... એ તો બધું જાણીતું છે. હવે તમો મને એકલો ક્યાં લઈ જાઓ છો. બધાં જ...!

દાદાએ હિંમત આપી. હું આવું છું. બધા જ સાહેબો મને ઓળખે છે. હું તારી ઓળખ આપીશ. ને પછી ત્યાં જ તને શાળામાં પહેલા ધોરણમાં દાખલ કરીશ.

પછી દાદા તમે મારી પાસે જ રહેવાના... ને...?

"ના... હું વાલીબેઠક ખંડમાં બેસીશ."

પણ શાળામાં મારે જવું નથી. મારે રમવું છે, દોડવું છે, ખાવું છે, કૂદવું છે, હું એ બધા ભેગું નથી આવવું!

પણ... બેટા - આ બધું ખરું. પણ ભણવું પડે ને! જો તારા પપ્પા કેવા એન્જિનિયર છે. દાદા મોટા હેડમાસ્તર હતા. હવે તેઓ નિવૃત્ત થયા છે. આ બધું ક્યારે થાય? તે વિષે ભણ્યા હોઈએ, જાણ્યું હોય, જ્ઞાન લીધું હોય, તો પછી એ બધું આવડે. તું જે રમતો રમે છે એ બધાં સાધનો ક્યારે બને? તેનો ઉપયોગ કેવી રીતે થાય! રસોડાની રસોઈ, બાગની સંભાળ, બાગબગીચામાં ફૂલછોડનું જ્ઞાન, ગંધ, સુગંધ, તેનો ઉછેર, ઉપયોગ વગેરે ભણવાથી આવડે. એમ ઘણું બધું શીખવાનું. જેમ જેમ મોટો થા તેમ તેમ ઘણું ભણવાનું અને પછી મોટા સાહેબ, અધિકારી કે વેપારધંધાના માલિક, શેઠ જેવા થઈ શકાય. ડોક્ટર, એન્જિનિયર, શિક્ષક જેવી ઘણી તાલીમ લઈને 'બઉ' રૂપિયા ભેગા થાય. વાહનો આપણા આંગણે છે તે લવાય, ચલાવી શકીએ, ને એમ જેમ જેમ મોટા થઈએ તેમ તેમ આ બધું ભણાય. ને પછી...!? મમ્મી સોનલે ઘરમાં જ મોન્ટુને ભણવા જવા સમજ આપી.

"પછી શું?"

"પછી તું મારા જેવો પેન્શનર દાદા. સ્વાદિષ્ટ વાનગી બનાવી આપણને ભોજન પીરસે એવાં તારાં ભણેલ મમ્મી, તારા પપ્પા એન્જિનિયર, ને તારા મામા પાયલોટ જેવું તારે થવું છે કે નહિ! દાદાએ ઈન્તેજારીભરી વાતો કરી.

મોન્ટુ.. બારણે ટકોરો મારતાં ગાડી આવી ઊભી ને

દાદા-મોન્ટુ ગાડીમાં બેઠાં.

"મોન્ટુ... બેટા! લે આ મીઠાઈનો પીસ ખા. પપ્પા તમે પણ લો. અને પતિ-બેન્જુને એક પીસ આપ્યો. એક પોતે લઈ હાથમાં રાખી. દાદાએ શરૂઆતની પ્રાર્થના કરાવી. અને પછી આ મીઠાઈ ખાતા મોં મીઠું કરી, આનંદિત થઈ હસતાં હસતાં ગીતો ગાતા "ચાલો ભણવા જઈએ"ના સૂત્ર સાથે ઈશ્વરની સહાય, દોરવણી, શક્તિ, આવડત, જ્ઞાન, શિક્ષણ અને મોન્ટુ વધતો જાય, ભણતો જાય અને એક પ્રતિભાશાળી "મોન્ટુ" હુલામણાનું નામ લોપ થતાં મૂળ નામ "મોજીસ" ઈશ્વરી સંગત પામેલ મહાન દોરક બને. આશીર્વાદિત બને અને કુટુંબ, ચર્ચ મંડળી, સમાજ અને દેશને ગૌરવરૂપ બને! આમેન.

દાદા... ચાલો... ભણવા જઈએ! પપ્પા ગાડી ચલાવો. મમ્મી આવજો... હું ભણવા જઉં છું...!!✍

**શાંતિલાલ ખુ. ખ્રિસ્તી, નડિયાદ**

**સુધારો :** જાહેરાતકર્તાએ આપેલા મૂળ લખાણમાં અંકો અસ્પષ્ટ લખાયા હોવાથી, જૂન-૨૦૧૯ના સામયિકના પેજ નં. ૨૮ ઉપર છાપવામાં આવેલા સ્વ. પ્રકાશ સક્સેના આભારપત્રમાં તેમની ઉંમર ૮૪ ના બદલે ૬૪ એમ સુધારીને વાંચવું.

જાહેરાત

# ॥ निरामय आयुर्वेदम ॥

શું તમે આ રોગોથી પીડાઓ છો અને કંટાળો છો?

શું તમે તમામ પ્રકારની સારવાર કરાવ્યા છતાં પણ આ રોગોમાંથી મુક્તિ મેળવી શક્યા નથી?

- ઢીંચણનો ઘસારો, એડી, ગરદનનો દુ:ખાવો, મણકાનો ઘસારો... વગેરે માટે **જાનુ બસ્તિ, કટિ બસ્તિ** જેવી પંચકર્મ ટ્રીટમેન્ટ દ્વારા ઈલાજ.
- ખરતા વાળ, ખોડો, ઉંદરી, ટાલ વગેરેમાં **શિરોધારા** તથા **તક્રધારા** (પંચકર્મ) ટ્રીટમેન્ટથી સંપૂર્ણ લાભ.
- વજન વધવું (Obesity)માં વિશેષ પંચકર્મ ચિકિત્સા (લેખન બસ્તિ) દ્વારા વજન ઓછું કરવું.
- ડાયાબિટિસ, બી.પી., કોલેસ્ટ્રોલ, B-12 ઉણપ.
- ગેસ, એસીડીટી, અલ્સર, કબજીયાત વગેરે રોગો માટે આડઅસર વગરની

***આયુર્વેદિક તથા પંચકર્મ સારવાર***

**Vd. Mona Christian** (B.A.M.S.)
(9998618194, 8140784016)
2/B રીપબ્લિક ક્રિશ્ચિયન સોસાયટી, બેઉલાહ ચર્ચ પાસે,
મણિનગર પૂર્વ, અમદાવાદ - ૮

જાહેરાત

# મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**પ્રવાસ ૧. સાપુતારા - દમણ**

પ્રવાસ તા. ૧૨-૦૭-૨૦૧૯ રાત્રે ૦૮:૦૦ કલાકે, પરત તા.: ૧૫-૦૭-૨૦૧૯ સવારે

**ટીકીટ દર : ૧૮૦૦/-** (A.C. Bus)

**પ્રવાસ ૨. માઉન્ટ આબુ**

પ્રવાસ તા. ૧૯-૦૭-૧૯ રાત્રે ૮:૦૦ કલાકે, પરત તા. ૨૨-૦૭-૧૯ સવારે, **ટિકિટ દર રૂા. ૨૦૦૦/-** (A.C. Bus)

**પ્રવાસ ૩. ઉદયપુર - જયપુર - હલ્દીઘાટી - અજમેર - પુષ્કર - ચિત્તોડગઢ**

પ્રવાસ તા. ૧૦-૦૮-૧૯, રાત્રે ૮:૦૦ કલાકે, પરત તા. ૧૬-૦૮-૧૯ સવારે, **ટિકિટ દર રૂા. ૫૪૦૦/-** (A.C. Bus)

**પ્રવાસ ૪ : મુંબઈ - એલિફન્ટા**

(બસ ૧) પ્રવાસ તા. ૨૩-૦૮-૧૯, રાત્રે ૮:૦૦ કલાકે, પરત તા. ૨૬-૦૮-૧૯ સવારે

(બસ ૨) પ્રવાસ તા. ૧૩-૦૯-૧૯, રાત્રે ૮:૦૦ કલાકે, પરત તા. ૧૬-૦૯-૧૯ સવારે,

**ટિકિટ દર રૂા. ૨૫૦૦/-** (A.C. Bus)

**પ્રવાસ ૫ : સ્ટેચ્યુ ઓફ યુનિટિ (સરદાર સરોવર) - પોઈચા (એક દિવસ)**

(બસ ૩) તા. ૨૮-૦૭-૧૯ સવારે ૬:૦૦ કલાકે, રાત્રે પરત, **ટિકિટ દર રૂા. ૮૦૦/-** (A.C. Bus)

● દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા-નાસ્તો, બે ટાઈમ જમવાનું તથા હોટલમાં રહેવા સાથે. ● દરેક પ્રવાસની બસ અમદાવાદ-નડિયાદ-આણંદ-વડોદરા થઈને જશે અને સીટ બૂક પણ થશે. ● રૂા. ૧૦૦૦ આપી સીટ બૂક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :** (૧) સી.ટી.એમ., અમદાવાદ. (૨) T.P.૧૩, પાણીની ટાંકી પાસે, છાણી જકાત નાકા, વડોદરા

આયોજકઃ **મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન) Mo.: 98255 68281, 83201 50738**